અપીલ અરજી નં.૨૩૩ તા.૧૭–૧૧–૦૮

અરજદારઃ શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા
સામાવાળાઃ (૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન
(૨) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઓફિસ

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયાની તા.૭–૧૦–૦૮ ની અરજીથી ઉધના મેઈનરોડ ટી.પી.૬, ફા.પ્લોટ નં.૩૬૯ ,૩૭૬,૩૭૭ વાળી મિલ્કત "ખરવર નગર" વસાહતના ગેરકાયદેસર બાંધકામો સંદર્ભે સને ૧૯૮૮ થી આજદિન સુધી કરવામાં આવેલ અરજીઓ અંગે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૭–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૩/૨૦૦૮–૦૯

શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયાની તા.૭–૧૦–૦૮ ની અરજીથી ઉધના મેઈનરોડ ટી.પી.૬, ફા.પ્લોટ નં.૩૬૯ ,૩૭૬,૩૭૭ વાળી મિલ્કત "ખરવર નગર" વસાહતના ગેરકાયદેસર બાંધકામો સંદર્ભે સને ૧૯૮૮ થી આજદિન સુધી કરવામાં આવેલ અરજીઓ અંગે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ/૯૫૨ તા. ૨૨–૧૦–૦૮ થી મુદ્દા નં.૧માં આકારણીની માહિતી આપેલ છે. જયારે ગેરકાયદેસર બાંધકામોની માહિતી તથા મુદ્દા નં.૨ માં માંગ્યા મુજબ માહિતી આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૩ તા.૨૧–૧૧–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તથા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઓફિસને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઓફિસ તરફથી તા.૨૮–૧૧–૦૮ થી તથા કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/૬૬૦૪ તા.૨–૧૨–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં ઉધના મેઈનરોડ ટી.પી.૬, ફા.પ્લોટ નં.૩૬૯ ,૩૭૬,૩૭૭ વાળી મિલ્કત "ખરવર નગર" વસાહતના ગેરકાયદેસર બાંધકામો સંદર્ભે સને ૧૯૮૮ થી આજદિન સુધી કરવામાં આવેલ અરજીઓ અંગે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાનેઆસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઓફિસના પત્ર નં.સી/૨૫૦૩ તા.૨૭–૧૦–૦૮ થી પેરા નં.૨ ની માહિતીના પાના નંગ૬ ના રૂ.૧૨/– જમા કરાવી માહિતી મેળવી લેવા જણાવેલ. તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ/૯૫૨ તા.૨૨–૧૦–૦૮ થી માહિતી અને દસ્તાવેજો માટે પાના નંગ૧૭ ના રૂ.૩૪/– ભરી માહિતી લઈ જવા જણાવેલ. તથા વધુમાં સા.ઝોન/ટેક./આ.નં.૬૨૩૪ તા.૧૫–૧૧–૦૮ થી ગેરકાયદે બાંધકામોની માહિતી બાબતે અરજદારે માંગેલ માહિતી પેટે પાન નંગ ૫૫ ની નકલ મોકલ્યાનું પત્રની નકલ પરથી જણાય છે.

અપીલ અરજીમાં અરજદારે મુદ્દા નં.૧ માં આકારણીની માહિતી આપેલ હોવાનું જણાવે છે જયારે ગેરકાયદેસર બાંધકામોની માહિતી તથા મુદ્દા નં.૨ માં સેન્ટ્રલ ઓફિસના પત્ર ધ્વારા પૂરી પડાયેલ માહિતી માંગ્યા મુજબની આપેલ ન હોવાનું જણાવેલ છે.પરંતુ સેન્ટ્રલ ઓફિસ તરફથી અરજદારને કઈ માહિતી ખરેખર મળેલ છે જે અંગે તેમણે વિસંગત માહિતી હોવાનું અપીલ માં જણાવેલ છે તેની નકલો અપીલ સાથે રજૂ કરેલ નથી. અરજદારે તેમને સામાન્ય સભાની મિનીટબુક મળેલ હોવાનું જણાવેલ છે જે સામાન્ય રીતે સેન્ટ્રલ ઓફિસના કાર્યક્ષેત્રમાં નથી. આમ પ્રથમદર્શી રીતે અરજદારના અપીલના દાવામાં સમર્થન મળતું નથી. જયારે સેન્ટ્રલ ઓફિસ ધ્વારા જાહેર માહિતી અધિકારીના તા.૨૭–૧૦–૦૮ ના પત્રથી નિયત દસ્તાવેજ રૂ.૧૨/– ભરી છ પાના મેળવી લેવા જણાવેલ છે જેની નકલો અત્રે પૂરક માહિતીમાં મોકલેલ છે તે અનુસાર અરજદારે માંગેલ મુદ્દા નં.૨ ની સેન્ટ્રલ ઓફિસને લગતી પર્યાપ્ત માહિતીનો સમાવેશ થતો જણાય છે. જયારે જાહેર માહિતી અધિકારી સા.ઝોન તરફથી તેમના પત્ર તા.૧૫–૧૧–૦૮ થી અરજદારને ૫૫ નકલો મોકલ્યાનું જણાય છે અરજદારે તેમની અપીલમાં આ અંગે કોઈ ઉલ્લેખ કરેલ જણાતો નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૭–૧૦–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા બે પત્રોથી માહિતી પૂરી પાડેલ જણાય છે જયારે મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઓફિસ તરફથી અરજદારને જણાવેલ વિગતે નિયત દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવી લેવા અરજદાર સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/ ૮૯૮
તારીખ : ૨૫–૧૨ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધના ઝોન તથા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઓફિસ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા,૧૫/૭/બી,ખરવરનગર, ઉધના મેઈન રોડ, સુરત.,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.